Commissionerate of Schools

Government of Gujarat

Block No. 9, 1st Floor,Dr. Jivraj Mehta Bhavan,Gandhinagar 382 010

E-mail: ssmadhyamik2@gmail.com, jointdirectors@gmail.comTe. No. : 079 23254011

ક્રમાંક : અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૩/ ૫૪૯૨-૫૫૦૫ તા.૨૧/૦૪/૨૦૨૩

વંચાણે લીધા:-

1. શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૧૧ ના જાહેરનામા ક્રમાંક: જીએચ /એસએચ /૨/બીએમએસ/૧૧૦૯/ ૧૯૦૬/જી
2. શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૧૭ ના જાહેરનામા ક્રમાંક :જીએચ/ એસસેચ/ ૭૭/બીએમએસ/૧૧૧૫/ ૧૨૯૫/જી
3. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૧૪/૦૭/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:અનદ-૧/ધ/માધ્ય/૨૦૨૦/ ૧૨૪૮૭
4. શિક્ષણ વિભાગના તા.૦૮/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૨૦૨૦-૬૮૭-ગ
5. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૦૯/૦૩/૨૦૨૧ ના પરીપત્ર ક્રમાંક:ઓડીટ/જીઆઈએ/બહાલી/૨૦૨૧/૬૩૨-૬૮૮
6. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૦૯/૦૬/૨૦૨૧ના પરીપત્ર ક્રમાંક:ઓડીટ/જીઆઈએ/બહાલી/૨૦૨૧/૧૮૬૭-૧૯૦૧
7. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૨૦/૧૦/૨૦૨૨ ના પરીપત્ર ક્રમાંક: અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/૨૦૨૬૯-૨૦૩૦૭

કચેરી આદેશ:-

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકને કામચલાઉ અને કાયમી બહાલી આપવા અંગે શિક્ષણ વિભાગના ઠરાવ તા.૦૮/૦૧/૨૧ ના વંચાણે લીધા ક્રમાંક: (૪) થી કામચલાઉ બહાલી અંગે અપીલ સાંભળવાની તથા કાયમી બહાલીના નિર્ણય અંગેની આખરી સત્તા કમિશનરશ્રી (શાળાઓ) આપવાનું ઠરાવવામાં આવેલ છે.

કમિશનર શાળાઓની કચેરીના તા.૦૯/૦૩/૨૦૨૧ ના વંચાણે લીધા ક્રમાંક: (૫) થી કાયમી બહાલી મંજુર/ના-મંજુરીની ફાઈલો સંયુક્ત નિયામક (હિસાબ) હસ્તકની ઓડિટ શાખાને રજુ કરવા અંગે પરિપત્ર કરવામાં આવેલ હતો.

ત્યારબાદ, કમિશનર શાળાઓની કચેરીના તા.૨૦/૧૦/૨૦૨૨ ના વંચાણે લીધા ક્રમાંક: (૭) થી કાયમી બહાલી મંજુર/ના-મંજુરીની ફાઈલો સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) હસ્તકની માધ્યમિક શાખાને રજુ કરવા અંગે પરિપત્ર કરવામાં આવેલ હતો.

શિક્ષણ વિભાગના તા.૦૮/૦૧/૨૧ ના ઠરાવની જોગવાઈ નં. ૬, અન્વયે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકની કાયમી બહાલી મંજુર/નામંજુર કરવાની સત્તા સંયુક્ત નિયામક (હિસાબ) હસ્તકની ઓડિટ શાખાને વહીવટી સરળતા માટે પરત સોંપવામાં આવે છે.

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કામચલાઉ બહાલી નકારવાના કિસ્સામાં કામચલાઉ બહાલી માટે મંડળ દ્વારા કરવામાં આવતી અપીલ ગ્રાહ્ય/અગ્રાહ્ય રાખવાની સત્તા અને કાયમી બહાલી નકારવાના કિસ્સામાં કાયમી બહાલી મેળવવા માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલ ગ્રાહ્ય/અગ્રાહ્ય રાખવાની આખરી સત્તા નિયામક, શાળાઓના હસ્તક રાખવામાં આવે છે અને અપીલોની દરખાસ્તોની ચકાસણી અર્થે નીચે મુજબની કમિટીની રચના કરવામાં આવે છે.

| ક્રમ | કમિટીના સભ્યો |
|---|---|
| ૧ | સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) , સદર કચેરી |
| ૨ | સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨) , સદર કચેરી |
| ૩ | નાયબ શિક્ષણ નિયામક (મહેકમ) , સદર કચેરી |
| ૪ | નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક) , સદર કચેરી |
| ૫ | નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨) , સદર કચેરી |

ઉપરોક્ત વિગતે, હવે પછીથી શિક્ષણ વિભાગના ઠરાવ તા.૦૮/૦૧/૨૧ ના ઠરાવ અન્વયે જિલ્લા કચેરીની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકને કાયમી બહાલીની દરખાસ્તો સંયુક્ત નિયામક (હિસાબ) હસ્તકની ઓડીટ શાખા સમક્ષ રજુ કરવાની રહેશે.

તેમજ, કામચલાઉ બહાલી નકારવાના કિસ્સામાં કામચલાઉ બહાલી માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલની દરખાસ્તો તથા કાયમી બહાલી નકારવાના કિસ્સામાં કાયમી બહાલી મેળવવા માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલની દરખાસ્તો માધ્યમિક શાખા (આ કચેરી) મારફત ઉક્ત કમિટી સમક્ષ રજુ કરવાની રહેશે. સદર કમિટીએ આ દરખાસ્તો પરત્વે સ્પષ્ટ અભિપ્રાય સાથે નિયામક, શાળાઓ સમક્ષ નિર્ણયાર્થે રજુ કરવાની રહેશે.

આ ઉપરાંત, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (લઘુમતિ શાળા સહિત)ના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી સબબ શિક્ષણ વિભાગના ઠરાવ તા.૨૫/૦૮/૨૦૦૯, તા.૦૩/૧૦/૨૦૦૯, તા.૧૫/૧૦/૨૦૦૯ અને તા.૦૮/૦૧/૨૧ ના ઠરાવની અન્ય વિગતો અને શરતો ધ્યાને લેવાની રહેશે. ઉપરોક્ત વિગતો ધ્યાને લેવા તથા સદર બાબતે જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

નિયામક

શાળાઓની કચેરી, 11/2/2021

ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- સંયુક્ત નિયામક (હિસાબ), સદર કચેરી. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક), સદર કચેરી.
- સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨), સદર કચેરી.
- નાયબ શિક્ષણ નિયામક (મહેકમ) , સદર કચેરી
- નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક) , સદર કચેરી
- નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨) , સદર કચેરી
- જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ. (આપના તાબા હસ્તકની તમામ બિનસરકારી અનુદાનિત શાળાઓને સ્તવરે અમલ તથા જાણ કરવા સારુ)
- નોડલ અધિકારી, (ઈ-સરકાર), સદર કચેરી (ઈ-સરકાર પોર્ટલમાં ફેરફાર કરવા સારુ)
- શ્રેયાન અધિક્ષક, માધ્યમિક શાખા(અનદ-૨ દફતર), સદર કચેરી

સવિનય નકલ રવાના જાણ સારુ-

- સચિવશ્રી, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સે.૧૦/બી, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગ - શાખા, સચિવાલય, ગાંધીનગર.
- હુકમ ફાઈલે.